એક કર્મચારી દીઠ રૂ. ૭૫ હજારથી ૨.૨૫ લાખનો પગાર ચૂકવવામાં આવતો હતો

BMCએ એક વર્ષ સુધી એડવાઈઝરી કંપનીની સેવા લીધી, રિન્યુઅલની ફાઈલ ફગાવી દીધી

પ્રેઝન્ટેશન, રિપ્યુ શીટ, બજેટ વિશ્લેષણ જેવા તંત્રના કામો એજન્સી કરતી હતી, હવે ફરી આ કામ તંત્ર કરશે

। ભાવનગર (સંદેશ પ્રતિનિધિ) ।

ભાવનગર મહાનગરપાલિકા દ્વારા વિવિધ વિકાસલક્ષી પ્રોજેક્ટ્સ અને વહીવટી કામગીરીની સુચારૂ અમલવારી માટે રોકવામાં આવેલી 'પ્રોજેક્ટ મેનેજમેન્ટ યુનિટ' (PMU) એજન્સી કે. પી.એમ.જી. એડવાઈઝરી સર્વિસીસ પ્રા. લિ. (KPMG Advisory Services Pvt. Ltd.)ની સેવાઓ આગામી વધુ ૪ વર્ષ માટે લંબાવવા અંગે સ્ટે.ીંગ કમિટી સમક્ષ દરખાસ્ત રજૂ કરવામાં આવીહતી, પરંતુ એક વર્ષની કામગીરી બાદ એજન્સીને પડતી મુકી દેવામા આવતા તંત્રએ ફરી પોતાની કામગીરી સંભાળવી પડશે.

ભાવનગર મહાનગર પાલિકા દ્વારા મૂળ ૫ વર્ષની નિયિત પૈકી સ્ટે.ીંગ કમિટીના અગાઉના ઠરાવ મુજબ પ્રથમ એક વર્ષ (તા. ૦૧/૦૮/૨૦૨૫ થી તા. ૩૧/૦૮/૨૦૨૬) માટે એજન્સીને કામગીરી સોંપવામાં આવી હતી. પ્રથમ વર્ષ પૂર્ણ થતાં આગળના સમયગાળા માટે મુદત લંબાવવાની દરખાસ્ત મુકાઈ હતી. જોકે, કમિટી દ્વારા એજન્સીના મેનપાવર, કરેલી કામગીરી, મહાનગરપાલિકાને થયેલા આર્થિક-વહીવટી ફાયદા અને ખર્ચની સામે કામની કાર્યક્ષમતા અંગે ૪ મુદ્દાઓની વિગતવાર સ્પષ્ટતા માંગવામાં આવી હતી.

ભાવનગર શહેરમાં હવે પછી હાથ પગવાળા આવનાર અર્બન ચેલેન્જ ફંડ અંતર્ગતના પ્રોજેક્ટ્સ, સિટી વિઝન પ્લાન, IT ઓટોમેશન, વોટર અને સીવર નેટવર્ક ડિઝાઈન રિપ્યુ તેમજ સરકારની વિવિધ નવી યોજનાઓના અમલીકરણ માટે નિષ્ણાત PMU ટીમની કામગીરી ચાલુ રાખવા માટે કમિશનરે દરખાસ્ત મુકી હતી, પરંતુ ગણાથી પાંચ કર્મચારીઓને ૬ મહિને એક કર્મચારીને રૂપિયા ૭૫ હજારથી માંડીને રૂપિયા ૨.૨૫ લાખનો પગાર ચૂકવવામાં આવતો હતો. સ્ટે.ીંગ કમિટીને આગામી સમયમાં એજન્સીની એટલી જરૂરિયાત નહીં જણાતા એજન્સીને વધુ સમય માટે રિન્યુઅલ નહીં કરીને તેની કામગીરી આટોપી લેવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

કામમું ભારણ ઘટના તંત્રને પોઝિટીવ રિપોર્ટ કર્યો પણ...

- ટેન્ડરની સ્ક્રોપ મુજબ પ્રત્યેક કાર્યક્ષેત્ર માટે નક્કી કરાયેલા કુલ પાચ કી-પર્સોનેલની નિમણુક કરવામાં આવેલી છે.
- PMU ટીમ દ્વારા મળવાતા તમામ વિભાગો સાથે દૈનિક સંકલન કરીને રાજ્ય સરકારની સમીક્ષા બેઠકો માટેના પ્રેઝન્ટેશન, રિપ્યુ શીટ, બજેટ વિશ્લેષણ, RBI કમ્પાવર્સ, ઓડિટ વાંધાઓ અને ગ્રાન્ટ મોનિટરિંગ જેવી બાબતોનું યોગ્ય સંચાલન કરવાની જવાબદારી હતી.
- રોડ સેફટી ઓડિટ, સિટી લોજિસ્ટિક્સ પ્લાન અને PM ઈ-બસ પ્રોજેક્ટમાં કામ લેવામાં આવ્યુ હતુ. તેવા પ્રકારનો પોઝિટીવ રિપોર્ટ કર્યો હતો, જેની સામે દર મહિને આર્થિક ભારણ મહાપાલિકાને પડતુ હતુ. શાસક પક્ષ દ્વારા એજન્સીને ફટાવીને તે કામ ફરીથી તંત્રએ જ કરવાની સુચના આપવામા આવી હતી.

આઈએમએ ભાવનગર બ્રાન્ચના તબીબને એવોર્ડ



તાજેતરમાં મહેસાણા ખાતેની GIMACON - ૨૦૨૬ દરમ્યાન આઈ.એમ.એ. ભાવનગર બ્રાન્ચના ડો. એન. પી. ચુડાડીયાને સીમ્સ રોટરેકટબલ ટ્રસ્ટ - ભાવનગર અને ભાવનગર મેડિકલ એસોસિએશન (આઇ.એમ.એ. ભાવનગર)ના સંયુકત પ્રોજેક્ટ એવોર્ડ પ્રાપ્ત થયેલ છે. તેઓએ ત્યાર સ્તન પરીક્ષણ - સ્વાસ્થ્ય સતર્કતાની પરિણામલક્ષી કામગીરી માટે આઈ. એમ. એ. ગુજરાત સ્ટેટ બ્રાન્ચ તરફથી પ્રેસિડેન્શિયલ એપ્રિસીએશન એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

બીમાર માતાને મળવા નારાયણ સાંઈએ વચગાળાના જામીન માગ્યા

। અમદાવાદ ।

સુરત ટ્રાયલ કોર્ટ દ્વારા ૨૦૧૮માં દુષ્કર્મ કેસમાં દોષિત ઠેરવવામાં આવેલા અને આજીવન કેદની સજા ભોગવી રહેલા નારાયણ સાંઈએ પોતાની બીમાર માતાને મળવા માટે ગુજરાત હાઈકોર્ટમાં વચગાળાના જામીન મેળવવા અરજી કરી છે. જેની પ્રાથમિક સુનાવણી બાદ જસ્ટિસ ભાર્ગવ ડી. કારિયા અને જસ્ટિસ હેમંત એમ. પ્રચ્છકની ડિવિઝન બેન્ચે રાજ્ય સરકારને નોટિસ ફટકારીને સ્ટેટસ રિપોર્ટ રજૂ કરવા આદેશ આપીને આગામી સુનાવણી ૨૭ નવેમ્બરના રોજ રાખી છે.

સજા પામેલા નારાયણ સાંઈના વકીલે હાઈકોર્ટને જણાવ્યું હતું કે, માતાની કથળતી જતી તબિયત તેમજ અરજદાર પોતે પણ વિવિધ બીમારીઓથી પીડાઈ રહ્યો હોવાની બાબત રજૂ કરીને વહેલી તારીખ આપવા વિનંતી કરી હતી. જોકે, હાઈકોર્ટે મુખ્ય અપીલની સાથે જ આ વચગાળાની જામીન અરજી પર ૨૭ નવેમ્બરે સુનાવણી હાથ ધરવાનું નક્કી કર્યું છે. ઉલ્લેખનીય છે કે, ૩૦ એપ્રિલ ૨૦૧૮ના રોજ સુરતની સેશન્સ કોર્ટે નારાયણ સાંઈને દુષ્કર્મના આરોપ હેઠળ દોષી ઠેરવ્યો હતો. આ ગુના બદલ તેને સખત આજીવન કેદની સજા સંભળાવવામાં આવી હતી અને ને દ્રષ્ટિએ નોંધ્યું હતું કે અરજદાર પોતાની સજા સામેની મુખ્ય અપીલની વહેલી સુનાવણી કરાવવામાં રસ ધરાવતો નથી અને કેસને વિવેકિત કરવાની યુક્તિઓ અપનાવી રહ્યો છે.

E-TENDER

Food & Drugs Laboratory, Nizampura, Vadodara.- 390002.

On behalf of Hon'ble Governor of Gujarat, Joint Commissioner (Testing) invites Online e-Tenders for Food & Drugs Laboratory, Vadodara from eligible, experienced and GST-registered Manufacturers, Authorized Dealers, Vendors or Reputed Suppliers for the registered appropriate category to Supply the material / Provide services for Laboratory testing.

The complete tender document, detailed specifications, and eligibility criteria can be downloaded from the n-procurement portal : https://tender.nprocure.com.

Sr. No.	Tender ID	IFB/Tender Notice No	Tender End Date & Time	Attempt
1	361334	FDL/VAD/006/2026-27	17/11/2026 by 18:10	Second
2	361489	FDL/VAD/007/2026-27	17/11/2026 by 18:10	Second
3	361492	FDL/VAD/008/2026-27	17/11/2026 by 18:10	Second
4	361902	FDL/VAD/009/2026-27	17/11/2026 by 18:00	Second
5	361937	FDL/VAD/010/2026-27	17/11/2026 by 18:00	Second

Bidders must submit their technical and financial bids online through the aforementioned portal only.
If any corrigendum / Amendment regarding the tender matter will be seen only on the website.
Right to reject the tender is reserved. Manual offer will not be considered. (INF-VAD-984-26-27)

દિહોરને સાંકળતા દરેક બોર્ડમાં કિ.મી.ના આંકડા એકસરખા લખી નાંખ્યા

તંત્ર દ્વારા ભુલ સુધારી લઈને કિલોમીટરના સાચા અંતર લખીને બોર્ડ મુકવામા આવ્યા

તંત્રની ભુલ બદલ કાન આમળતા લોકોનો ન્યૂઝ પેપર ઉપર વિશ્વાસ વધ્યો

। દિહોર ।

તળાજા તાલુકાના દિહોર ગામે નવા બનેલા રોડ ઉપર કિલોમીટરના આંકડા એક સરખા હોવાના અહેવાલ સંદેશ ન્યૂઝ પેપરમાંછપાયો હતો. ફોટા સાથેના અહેવાલની અસર થતા સબંધિત તંત્ર દ્વારા કિલોમીટરના આંકડામાં તાત્કાલિક સુધારો કરાયો હતો.



તળાજા તાલુકાના દિહોરથી વરલ સુધીનો ૬બલ પહોી રોડ હમણાં જ નવો બન્યો છે. આ રોડ ઉપર જુદી જુદી જગ્યાએ કિલોમીટરના લીલા કલરના બોર્ડ મુકવામાં આવ્યા છે. પરંતુ આ દરેક બોર્ડમાં કિલોમીટરના આંકડા એકસરખા લખી નાખવામાં આવ્યા હતા. જેનો ફોટો સાથેનો અહેવાલ ન્યૂઝ પેપરમાં આવતા જ દિવસમાં કિલોમીટરના આ આંકડામાં સુધારો કરી દેવામાં આવ્યો છે. જેમાં દિહોરથી પાંચ કિલોમીટર દૂર આવેલા બોર્ડમાં ભાવનગરનું અંતર ૪૫ અને રાજપરાનું અંતર ૯ કિલોમીટર બતાવ્યુ હતું. તે સુધારીને ભાવનગરનું અંતર ૫૦ અને રાજપરાનું અંતર ૧૪ કિલોમીટર લખવામાં આવ્યું છે. આમ ન્યૂઝપેપરના અહેવાલની તાત્કાલિક અસર થઈ છે. જેનાથી લોકોમા સંતોષની લાગણી ફેલાઈ છે અને ન્યૂઝ પેપર ઉપર વિશ્વાસ વધ્યો છે.

બોટાદમાં કિલનિક-હોસ્પિટલ માટે નોંધણી કરાવવી ફરજિયાત

। બોટાદ ।

બોટાદ જિલ્લામાં કિલનિક, હોસ્પિટલ અને લેબોરેટરી સહિતની તમામ આરોગ્યલક્ષી સંસ્થાઓ માટે કાયમી નોંધણી ફરજિયાત બનાવવામાં આવી છે. જિલ્લા પંચાયતની આરોગ્ય શાખા દ્વારા જણાવાયું છે કે, જે સંસ્થાઓ નોંધણી કરાવવી રહેશે, અગાઉ નોંધણી કરાવેલી સંસ્થાઓએ પણ નિયમ મુજબ નવી નોંધણી કરાવવું પડશે. સરકારના ૩૦ ઓકટોબરના નોટિફિકેશન મુજબ સંસ્થા શરૂ થયાના ૭ માસ અથવા ૩૦ એપ્રિલ ૨૦૨૬, બેમાંથી જે વહેલું હોય તે પહેલાં નોંધણી મેળવવી પડશે.

સિહોર જ્ઞાનમંજરી મોડર્ન સ્કૂલનો વિદ્યાર્થી SGFI રાજ્ય કક્ષાની સ્પર્ધામાં પ્રથમ આવ્યો

। સિહોર (સંદેશ બ્યુરો) ।

સિહોર જ્ઞાનમંજરી મોડર્ન સ્કૂલના ધોરણ-૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થી અંશ કે. ડાંગર એ SGFI રાજ્ય કક્ષા ૨૦૨૬-૨૭ અંતર્ગત ભરૂચ ખાતે યોજાયેલી અન્ડર-૧૯ વિભાગની કલરીપટ્ટુ સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને પ્રથમ ક્રમ (રેન્ક-૧) પ્રાપ્ત કર્યો છે. વિદ્યાર્થીએ પોતાની મહેનત, લગન અને રમત પ્રત્યેના સમર્પણથી આ સિદ્ધિ મેળવી શાળા તેમજ સિહોરનું ગૌરવ વધાર્યું છે.



આ સફળતા બદલ શાળાના ટ્રસ્ટીઓ, આચાર્ય અને સમગ્ર શાળા પરિવાર દ્વારા અંશ કે. ડાંગરને શાળા પરિવાર દ્વારા તેમના ઉજ્જવળ ભવિષ્યમાં પણ આવી જ સફળતા પ્રાપ્ત કરી શાળા તથા સમગ્ર વિસ્તારનું નામ રોશન કરે તેવી શુભેચ્છા પાઠવી હતી.

ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન

પંડિત દીનદયાળ ઉપાધ્યાય ભવન, ડાયર સ્ટેશન પાછળ, સેક્ટર-૧૩, ગાંધીનગર, ગુજરાત
ફોન નં.: (૦૭૯) ૨૩૨૨૦૪૪૦ | ફેક્સ નં.: (૦૭૯) ૨૩૨૨૧૪૧૯

જાહેર નોટિસ

ઘન કચરો વ્યવસ્થાપન નિયમો, ૨૦૨૬ તથા સર્વોચ્ચ અદાલતના આદેશો તેમજ મિશન 'ડાયરેક્ટર, સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ), ગુજરાતની કચેરી તરફથી પ્રાપ્ત થયેલ ડ્રાફ્ટ ઘન કચરા વ્યવસ્થાપન પેટા-નિયમો, ૨૦૨૬ના અનુસંધાને ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા 'તેના કાર્યક્ષેત્રમાં ઘન કચરાના અસરકારક વ્યવસ્થાપન માટે ઘન કચરા વ્યવસ્થાપન અંગેના ડ્રાફ્ટ પેટા-નિયમો (Draft Solid Waste Management Bye-laws 2026) તૈયાર કરવામાં આવેલ છે.

જે અંગે શહેરના નાગરિકો પાસેથી ઘન કચરા વ્યવસ્થાપન અંગેના ડ્રાફ્ટ પેટા-નિયમો, ૨૦૨૬ બાબતે સૂચનો, અભિપ્રાયો, વાંધા-સૂચનો તથા ભલામણો મંગાવવામાં આવે છે. નાગરિકો તેમના સૂચનો, અભિપ્રાયો, વાંધા-સૂચનો તથા ભલામણો આ જાહેરનામું પ્રસિદ્ધ થયાની તારીખથી ૩૦ (ત્રીસ) દિવસ સુધીમાં પબ્લીસરણ વિભાગ, ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન, પ્રથમ માળ, પંડિત દીનદયાળ ઉપાધ્યાય ભવન, ડાયર સ્ટેશન પાછળ, સેક્ટર-૧૩, ગાંધીનગર - ૩૮૨૦૧૩ ના સરનામે લેખિતમાં મોકલી આપી શકાશે.

સદર ડ્રાફ્ટ ઘન કચરા વ્યવસ્થાપન મ્યુનિસિપલ કોર્પોરેશનની વેબસાઇટ www.gandhinagarmunicipal.com પર જાહેર જનતાના અભ્યાસાર્થે ઉપલબ્ધ મૂકવામાં આવેલ છે. શહેરના નાગરિકોને સદર ડ્રાફ્ટ પેટા-નિયમોનો અભ્યાસ કરી તેમના વાંધા-સૂચનો નિયત સમયમર્યાદામાં રજૂ કરવા વિનંતી કરવામાં આવે છે.

તા.: ૧૧/૧૦૨૦૨૬
સ્થળ : ગાંધીનગર

સહી/- મ્યુનિસિપલ કમિશનર
ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન
(માહિતી/૧૦૨૨/૨૦૨૬-૨૭)

SBI ભારતીય સ્ટેટ બેંક

સુરક્ષિત એસ્ક્રો વેરેહાઉસ રાજા (૧૮૩૬) - પહેલો માળ, એસબીઆઈ જમખાના રોડ સામે, જુવાનર રોડ, સિહોર ભાલની પાસે, રાજકોટ-૩૬૦૦૦૧.

સરફેસી એક્ટ હેઠળ સ્થાવર મિલકતની વેચાણ નોટીસ
APPENDIX IV-A [SEE PROVISO TO RULE 8(6)]

ઈ-હરાજી વેચાણ નોટીસ
ઈ-હરાજીની તારીખ : ૩૦/૧૧/૨૦૨૬

સિક્યોરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટસ એન્ડ સેક્યોરીટીઝ ઈન્ટરેસ્ટ એક્ટ - ૨૦૦૨ અને સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ - ૨૦૦૨ ના રૂલ ૮(૬) ની જોગવાઈ હેઠળ સ્થાવર મિલકતોની જાહેર ઈ-હરાજી વેચાણ નોટીસ અપીલે જણાવેલ સ્થાવર મિલકતોને જે ભારતીય સ્ટેટ બેંક ને તારણમાં / ગીરો કરેલ છે. તેનું ભારતીય સ્ટેટ બેંક ના અધિકૃત અધિકારી દ્વારા મહત્વ ફળને જાહેર ઈ-હરાજી વેચાણ નોટીસ આપીને